RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 140 Date: 11.03.2024 MOnday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## ૧૨ માર્ચે PM મોદી ગુજરાત પ્રવાસે

## સાબરમતી આશ્રમના રિડેવલોપમેન્ટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરી સભા



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૨મી માર્ચના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. અમદાવાદના સાબરમતી ગાંધી આશ્રમના રિડેવલોપમેન્ટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત અને રેલવેના વિવિધ પ્રોજેક્ટ તેમજ અમદાવાદ-મુંબઈ વંદે ભારત ટ્રેનનું લોકાર્પણ કરવાના છે. સવારે ૧૦:૩૦ વાગ્યે વડાપ્રધાન સાબરમતી ગાંધી આશ્રમ નજીક આવેલા અભય ઘાટ મેદાન ખાતે વિશાળ જનસભાને પણ સંબોધન કરશે. વડાપ્રધાનના કાર્યક્રમને લઈ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર અને રેલવે વિભાગ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સોમવારે સાંજ સુધીમાં તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંભવિત કાર્યક્રમ મુજબ ૧૨મી માર્ચના રોજ વડાપ્રધાન સવારે ૯ વાગ્યે અમદાવાદ એરપોર્ટ ખાતે આવશે. એરપોર્ટથી સીધા તેઓ સાબરમતી ડી કેબીન પાસે આવેલા રેલવેના કાર્યક્રમમાં હાજરી આપશે. જ્યાં વડાપ્રધાન અમદાવાદ-મુંબઈ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન, ભૂજ-દિલ્હી સરાય રોહિલા એક્સપ્રેસ ટ્રેનને લીલીઝંડી આપશે. એક સ્ટેશન એક ઉત્પાદન સ્ટોલ, ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ, ગુડ શેડ અને જન ઔષધી કેન્દ્રનું લોકાર્પણ કરશે.સાબરમતી ડી કેબીન ખાતે રેલવેના કાર્યક્રમમાં હાજરી આપી ૧૦.૩૦ વાગ્યે તેઓ ગાંધી આશ્રમ ખાતે આવશે. જ્યાં ગાંધી આશ્રમની તેઓ મુલાકાત લેશે. સાબરમતી ગાંધી આશ્રમના રૂ.૧૨૦૦ કરોડના રિડેવલોપમેન્ટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. વડાપ્રધાન અભય ઘાટ ખાતે આવેલા મેદાનમાં વિશાળ જનસભાને સંબોધન કરશે. વિશાળ સભાને સંબોધન કર્યા બાદ વડાપ્રધાન ધોલેરા ખાતેના કાર્યક્રમમાં હાજરી આપવા માટે રવાના થશે.સાબરમતી ડી કેબીન ખાતે રેલવેના કાર્યક્રમને લઈ જવાહર ચોક ભુત બંગલાથી લઈ ડી કેબીન સુધીના રોડ ઉપર ઝાડના ટ્રીમિંગ અને સફાઈની કામગીરી કરવામાં આવી રહી છે. સાબરમતી ગાંધી આશ્રમ અભય ઘાટ ખાતે પણ જન સભાને સંબોધવાના હોવાને લઈ સ્ટેજ બનાવવાની કામગીરી કરવામાં આવી છે. મંગળવારથી સાબરમતી ગાંધી આશ્રમના કાર્ગો મોટર્સથી સુભાષ બ્રિજ તરફના રોડને કાયમી ધોરણે બંધ કરવામાં આવે તેવી શક્યતા છે.

## લોકસભા ચૂંટણી પહેલા ચૂંટણી કમિશનર અરૂણ ગોયલે રાજીનામું આપી દીધુ

નવીદિલ્હી,તા.૧૦

લોકસભા ચૂંટણી પહેલા ચૂંટણી કમિશનર અરૂણ ગોયલે રાજીનામું આપી દીધુ છે. ગોયલના રાજીનામા બાદ ૩ સભ્યના ચૂંટણી પંચમાં હવે મુખ્ય ચૂંટણી કમિશનર એકલા રહ્યા છે. આ પહેલા ફેબ્રુઆરીમાં ચૂંટણી કમિશનર અનૂપ પાંડે નિવૃત થઈ ગયા હતા. અરૂણ ગોયલ મુખ્ય ચૂંટણી કમિશનરની લાઈનમાં હોવાની ચર્ચા હતી પણ તે પહેલા જ તેમને રાજીનામું આપીને તમામ લોકોને ચોંકાવી દીધા છે.

જો કે અરૂણ ગોયલએ ચૂંટણી પહેલા રાજીનામું કેમ આપ્યું છે તે વિશે હજુ સુધી કોઈ જાણકારી સામે આવી નથી અને તેમને પણ કોઈ વાત કહી નથી. ગોયલને ૨૧ નવેમ્બર ૨૦૨૨એ ચૂંટણી કમિશનર બનાવવામાં આવ્યા હતા. ચૂંટણી પંચમાં તેમનો કાર્યકાળ ૨૦૨૭ સુધી હતો પણ તેમને લગભગ ૩ વર્ષ પહેલા રાજીનામું આપી દીધુ છે.

અરૂણ ગોયલ વિશે તમને જણાવી દઈએ કે ૧૯૮૫ બેચના પંજાબ કેડરના આઈએએસ અધિકારી રહ્યા છે. પંજાબ અને ભારત સરકારમાં કોઈ મોટા પદ પર રહ્યા બાદ ૧૮ નવેમ્બર ૨૦૨૨એ તેમને સ્વૈચ્છિક સેવા નિવૃતિ લઈ લીધી હતી, જ્યારે તેમને ૩૧ ડિસેમ્બર ૨૦૨૨એ નિવૃતિ લેવાની હતી. ત્યારબાદ ૨૧ નવેમ્બરે તેમને ચૂંટણી કમિશનર બનાવવામાં આવ્યા.

ગોયલ મૂળ પટિયાલાના રહેવાસી છે. તેમને પોતાનું પ્રાથમિક શિક્ષણ પટિયાલામાં જ લીધુ અને બીએના ટોપર પણ રહ્યા છે. આઈએએસ બન્યા બાદ ગોયલ પંજાબ સિવાય કેન્દ્ર સરકારમાં ઘણા મોટા પદ પર તૈનાત રહ્યા. ૩૭ વર્ષથી વધારેની સર્વિસ પુરી કર્યા બાદ ગોયલ ભારત સરકારના ભારે ઉદ્યોગ મંત્રાલયના સચિવ પદ પરથી નિવૃત્ત થયા.અરૂણ ગોયલ ચર્ચિલ કોલેજ, યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજ, ઈંગ્લેન્ડમાંથી ડેવલપમેન્ટ અર્થશાસ્ત્રમાં વિશિષ્ટતા સાથે પોસ્ટ ગ્રેજ્યુએટ પણ છે. આ સાથે ગોયલે જ્હોન એફ કેનેડી સ્કૂલ ઓફ ગવર્નમેન્ટ, હાર્વર્ડ યુનિવર્સિટી અને અમેરિકામાં પણ ટ્રેનિંગ લીધી છે.આઈએએસ બન્યા બાદ ગોયલ લુધિયાણા અને ભટિંડા જિલ્લાના ચૂંટણી અધિકારી પણ રહ્યા છે.

## ભારત અગ્નિ સિરિઝની બેલેસ્ટિક મિસાઈલના પરીક્ષણની તૈયારીમાં

નવીદિલ્હી,તા.૧૦

ભારતની પાસે ઘણી એવી મિસાઈલો છે, જેના કારણે દુશ્મન દેશ ટેન્શનમાં રહે છે. ભારતની પાસે અગ્નિ સિરિઝની ૧થી લઈને અગ્નિ ૫ સુધીની મિસાઈલ પાવર છે ૫મ હિન્દુસ્તાન આ મિસાઈલોમાં નવી ટેક્નિકનો ઉપયોગ કરવા ઈચ્છે છે જેથી એક્યુરેસી અને ઝડપમાં વધારો કરવામાં આવે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ભારત અગ્ની સિરિઝની બેલેસ્ટિક મિસાઈલના પરિક્ષણની તૈયારી કરી રહ્યુ છે. ઓડિશા તટની પાસે એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી અગ્નિ મિસાઈલનો ટેસ્ટ થશે.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ પરીક્ષણ ૧૧ અને ૧૬ માર્ચની વચ્ચે ક્યારેય પણ થઈ શકે છે. એટલે કે ૪૮ કલાક બાદ કોઈ પણ સમયે ભારતની અગ્ની શક્તિનું વીડિયો ટ્રેલર રિલિઝ થઈ શકે છે. પરીક્ષણ માટે બંગાળની ખાડીમાં ૩૫૦૦ કિલોમીટર રેન્જમાં નો ફલાય ઝોન જાહેર કરવામાં આવ્યો છે. સંભાવના છે કે આ પરીક્ષણમાં ૩ મિસાઈલોમાંથી કોઈ એક કે બે કે ત્રણનું પરીક્ષણ થશે.

જે મિસાઈલોનું પરીક્ષણ થવાનું છે, તેમાં અગ્નિ-૩, અગ્નિ-૪ અને સબમરીનથી લોન્ચ થનારી કે-૪ મિસાઈલ છે. ભારત પાસે એવા ઘાતક શસ્ત્રો છે જેના નામ દુશ્મનો માટે દુઃસ્વપ્નથી ઓછા નથી, પરંતુ અગ્નિ મિસાઈલ એ અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ યુદ્ધ સૈનિક છે જે દૂરના દુશ્મનને મિનિટોમાં જ ખતમ કરી શકે છે.





**કેમ ખાસ છે અગ્નિ મિસાઈલ?**

આ મધ્યવર્તી અંતરની બેલેસ્ટિક મિસાઈલ છે.,સૌથી મોટી બાબત પરમાણુ શસ્ત્રો વહન કરવામાં સક્ષમ છે,આ મિસાઈલ પર ન્યુક્લિયર બોમ્બ પણ ફીટ કરી શકાય છે,આ મિસાઈલમાં થર્મોબેરિક હથિયારો પણ લગાવી શકાય છે.

## ગાંધીનગરના કુડાસણમાં ધમધમતા બ્લેક સ્ટોન સ્પામાં પોલીસના દરોડા

ગાંધીનગરના કુડાસણમાં સ્વાગત રેઈન ફોરેસ્ટ - ૨ કોમ્પ્લેક્ષમાં ઈન્ફોસિટી પોલીસે રેડ કરતાં ગ્રાહકોની નમૂના મુજબની નોંધણી તેમજ જીએસટી નંબર વિના જ વેપાર કરવામાં આવતો હોવાનું બહાર આવતા મેનેજર વિરુદ્ધ જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ગાંધીનગર ઈન્ફોસિટી પોલીસ પેટ્રોલીંગ કરી રહી હતી. એ વખતે બાતમી મળી હતી કે, કુડાસણ સ્વાગત રેઈન ફોરેસ્ટ - ૨ કોમ્પ્લેક્ષમાં આવેલ બ્લેક સ્પોટ સ્પામાં આવતાં જતાં ગ્રાહકોની વિગતો તેમજ જીએસટી નંબર જેવી કોઈ નોંધણી કરવામાં આવી નથી. જે હકીકતના આધારે પોલીસે ઉક્ત સ્પામાં રેડ કરવામાં આવી હતી.જ્યાં સ્પાના કાઉન્ટર પાસે એક ઈસમ બેઠેલ મળી આવ્યો હતો. જેની પૂછતાંછ કરતાં તેણે પોતાનું ભાવેશ બાબુભાઈ રાઠોડ (રહે. ચોક્સીની ચાલી, રખિયાલ રોડ, અમદાવાદ)




તેમજ અહી મેનેજર તરીકે નોકરી કરતો હોવાનું જણાવ્યું હતું. બાદમાં પોલીસે સ્પાનાં રજીસ્ટર ચેક કરતાં પોલીસ સ્ટેશનમાં નમૂના મુજબની ગ્રાહકોની નોંધણી તેમજ જીએસટી નંબર પણ નહી હોવાનું સામે આવ્યું હતું.જેનાં પગલે પોલીસે ભાવેશ રાઠોડ વિરુદ્ધ કલેકટરના કહેવામાં ભંગનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરમાં બિલાડીનાં ટોપની માફક ધમધમતા સ્પાના સંચાલકોને ગ્રાહકોની નોંધણીનું રજીસ્ટર નિભાવવાની પોલીસે સૂચનાઓ આપી હોવા છતાં ઘણાખરા સ્પામાં તેનું પાલન કરવામાં આવતું નથી.

## ગાંધીનગરના રાંધેજા રોડ પર ખેતરમાં ભીષણ આગ લાગતા વોટરપાર્કની રાઈડ્સનો સામાન ભસ્મીભૂત

ગાંધીનગરના રાંધેજા રોડ ઘૂંઘટ હોટલ નજીક આવેલા ખેતરમાં કોઈ અગમ્ય કારણોસર ભીષણ આગ લાગી હતી. જેનાં કારણે ખેતરમાં રાખેલ વોટરપાર્કની રાઈડ્સનો સામાન બળીને ભસ્મીભૂત થઈ ગયો હતો. બનાવની જાણ થતાં ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક દોડી જઈ ૩૪ હજાર લીટર પાણીનો છંટકાવ કરી આગ ઉપર કાબુ મેળવી રાહતનો દમ લીધો હતો.

ગાંધીનગરના રાંધેજા રોડ ઘૂંઘટ હોટલ નજીક દિનેશભાઈ પટેલનું ખેતર આવેલ છે. જેમાં વોટરપાર્કની રાઈડ્સનો સર સામાન રાખવામાં આવેલો હતો. આજે અચાનક જ ખેતરમાં પડેલા સર સામાનમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. અને જોતા જોતામાં વોટરપાર્કની રાઈડ્સનો સામના ભડભડ સળગવા માંડ્યો હતો. જેની જ્વાળાઓ દૂર દૂર સુધી જોવા મળી રહી હતી. અચાનક આગ લાગતા ખેતરમાં હાજર લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. પ્રારંભિક તબક્કે આગને ઓલવવાનાં પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ વોટરપાર્કની રાઈડ્સ સહિતનો સર સામાન જોતજોતામાં વિકરાળ આગ પકડી લીધી હતી



જેનાં પગલે ગાંધીનગર ફાયર બ્રિગેડને બોલવવામાં આવી હતી.આગનો કોલ મળતા જ ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક બનાવ સ્થળે દોડી ગઈ હતી. અને ત્રણેક કલાક સુધી સતત પાણીનો મારો ચાલુ રાખી મહામુસીબતે આગને કાબુમાં લઈ લેવાઈ હતી. આ અંગે ફાયર બ્રિગેડના સૂત્રોએ કહ્યું કે, ખેતરમાં વોટરપાર્કની રાઈડ્સ સહિતનો સર સામાનમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી. પીવીસીની રાઈડ્સનો સામાન હોવાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

## ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં કારની ટક્કરથી મોપેડ સવાર ત્રણ મિત્રો પૈકી એકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું

ગાંધીનગરના ગિફ્ટ સિટી જમનાબાઈ સ્કૂલ સામેના રોડ ઉપર કારની ટક્કરથી એકસેસ સવાર ત્રણ મિત્રો રોડ ઉપર પટકાયા હતા.આ અકસ્માતમાં એક મિત્રનું ઘટનાસ્થળે મોત નિપજતા ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નોંધનીય છે કે ત્રણેય મિત્રો ગિફ્ટ સિટીની સહેલગાહે આવી ફોટોગ્રાફિ કરી પરત અમદાવાદ જઈ રહ્યા હતા. એજ વખતે કારના ચાલકે પૂરપાટ ઝડપે ટક્કર મારતાં એક યુવાનનું અકાળે મોત નીપજ્યું છે.અમદાવાદના અસારવા એમએલએ કવાટર્સમાં રહેતો નિકુલકુમાર મહેશભાઈ પટ્ટણી ગઈકાલે તેના મિત્રો રાહુલ પટ્ટણી, રોહિત પટ્ટણી, સમીર પટ્ટણીને મળ્યો હતો. અને ચારેય જણાએ ગાંધીનગર ગિફ્ટ સિટી ફરવા આવવાનું નક્કી કર્યું હતું. બાદમાં બપોરના સુમારે ચારેય મિત્રો એક્સેસ તેમજ એક્ટિવા લઈને ગાંધીનગર ગિફ્ટ સિટી આવ્યા હતા.ગિફ્ટ સિટીનો અંદરનો નજારો જોઈને ચારેય મિત્રોએ એકબીજામાં ફોટા પાડયા હતા. અહી સહેલગાહ કર્યા પછી ઢળતી સાંજે ચારેય મિત્રો પરત અમદાવાદ જવા માટે રવાના થયા હતા. એ વખતે રાહુલ એક્સેસ ચલાવતો હતો. જેની પાછળ સમીર અને રોહિત બેઠા હતા. જ્યારે નિકુલ એક્ટિવા લઈને તેઓની પાછળ જઈ રહ્યો હતો.ત્યારે જમનાબાઈ સ્કૂલ પાસેના ચાર રસ્તે કારના ચાલકે પોતાની કાર પૂરપાટ ઝડપે હંકારીને એક્સેસને ટક્કર મારી હતી. જેથી ત્રણેય મિત્રો રોડ ઉપર પટકાયા હતા.


**તંત્રી લેખ......**

# નકલી દવાઓનો વેપલો

દેશમાં છાશવારે નકલી દવાઓનો પર્દાફાશ થવો શરમજનક બાબત છે. હાલમાં જ રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં વધુ એક નકલી દવા કંપની ઝડપાઈ છે. નકલી દવાઓના નિર્માણ જે ગતિથી ગાઝિયાબાદમાં થઈ રહ્યું હતું, તેની નિંદા માટે શબ્દો પણ ઓછા પડે. આ લોકોના સ્વાસ્થ્ય સાથે રમત, બલ્કે દેશ સાથે શત્રુતા સમાન છે. ગાઝિયાબાદમાં ખબર નહીં ક્યારથી આ નકલી દવા ફેક્ટરી ચાલી રહી હતી, જ્યાં બીપી, ડાયાબિટીસ અને ગેસની નકલી દવાઓ બનતી હતી. દેખીતું છે કે આ કંપની પોતાના બજાર પ્રતિનિધિઓ કરતાં ઘણા સસ્તા ભાવે આ દવાઓ વેચતી હશે. ઔષધિ વિભાગ, ક્રાઇમ બ્રાન્ચ અને પોલીસના હાથમાં તો માત્ર ૧.૧૦ કરોડ રૂપિયાની જ નકલી દવાઓ આવી છે, પરંતુ વાસ્તવમાં કેટલીય નકલી દવાઓ આ કંપનીએ વેચી નાખી હશે. જોકે નકલી દવા ફેક્ટરીના સંચાલકની ધરપકડ કરી લેવાઈ છે અને તેને એવી સજા મળવી જોઈએ કે બીજાઓ માટે દૃષ્ટાંત બને. એમાં કોઈ શંકા નહીં કે ભેળસેળિયા તત્ત્વો કે નકલી ઉત્પાદન બનાવનારા શખ્સો સાથે આપણા દેશમાં ઢીલ કે ઉદારતા રાખવામાં આવે છે, તેથી અપરાધીઓનો જુસ્સો વધી જાય છે. કોઈને કોઈ વગદારનો સહારો લઈને એવા ઉદ્યમી-અપરાધી બચવાના રસ્તા શોધી કાઢે છે.

ભારતમાં વધુ વસતીને કારણે દવાઓની માંગ પણ વધુ હોય છે, એનો જ લાભ ઉઠાવીને કેટલાક દવા નિર્માતા કંપનીઓ બ્રાન્ડેડ દવાઓના નામનો ગેરલાભ ઉઠાવે છે. દવા કારોબારમાં નફો પણ બહુ હોય છે, આ નફો પણ અપરાધીઓને દવા નિર્માણ કારોબારમાં ખેંચી લાવે છે. નકલી દવાઓનો મામલો માત્ર એક રાજ્ય કે ક્ષેત્ર સુધી સીમિત નથી. તેલંગણાનો તાજો મામલો ઉલ્લેખનીય છે. તેલંગણા સરકારે મેગલાઈફ સાયન્સીસ દ્વારા નિર્મિત ૩૩ લાખ રૂપિયાથી વધારેની ત્રણ દવાઓની તપાસ કરી છે અને તેમાં દવાનાં કોઈ તત્ત્વો નથી મળી આવ્યાં. રાજ્યના ઔષધિ નિયંત્રણ પ્રશાસને કહ્યું કે આ ત્રણેય નકલી દવાઓમાં માત્ર ચોક પાઉડર અને સ્ટાર્ચ મળ્યો છે. તેલંગણામાં પકડમાં આવેલી કંપનીએ કાગળ પર હિમાચલ પ્રદેશમાં મુખ્યાલય હોવાનો દાવો કર્યો છે, પરંતુ વાસ્તવમાં હિમાચલમાં એવી કોઈ કંપની નથી. ખબર નહીં આવી કેટલી કંપનીઓ દેશમાં ચાલી રહી હશે? ગયા અઠવાડિયે જ તેલંગણા ડીસીએ અને હૈદરાબાદ પોલીસના સંયુક્ત અભિયાન બાદ ઉત્તરાખંડમાં આ જ પ્રકારનું એક નકલી દવા રેકેટનો ભંડાફોડ થયો હતો, જેમાં ચોક પાઉડર વાળી નકલી દવાઓને સિપ્લા જેવી પ્રતિષ્ઠિત ફાર્મા કંપનીઓની દવા રૂપે રજૂ કરવામાં આવતી હતી. નકલી દવાઓથી કદાચ જ કોઈ રાજ્ય બાકી હશે. ગયા મહિને મહારાષ્ટ્રમાં પણ ભારે માત્રામાં નકલી એન્ટીબાયોટિક દવાઓને જપ્ત કરવામાં આવી હતી. એવી કંપનીઓ હંમેશાં ભ્રષ્ટાચારનો સહારો લઈને સરકારી હોસ્પિટલોમાં પૂરવઠો આપવામાં સફળ થઈ જાય છે. હવે મોટી દવા કંપનીઓએ પણ સતર્ક રહેવું પડશે. સુરક્ષા એજન્સીઓ અને ઔષધિ નિયામક સંસ્થાઓ સાથે મળીને દવાની દુનિયામાં વિશ્વાસ સુનિશ્ચિત કરવા માટે સારી કંપનીઓએ એકજુટ થવું જોઈએ. દેશમાં ઝેર વેચી રહેલ દવા નિર્માતાઓ વિરુદ્ધ જેટલી કડકાઈ રાખવામાં આવે, એટલું સારું છે.

# મોડીરાતે દોઢ વાગ્યે અટલ બ્રિજના છેડા પાસે કારમાં પુરૂષ મિત્ર સાથે બેસેલી મહિલા કોન્સ્ટેબલની દાદાગીરી




વડોદરા, પુરૂષ મિત્ર સાથે નંબર પ્લેટ વગરની કારમાં મહિલા હેડ કોન્સ્ટેબલ નીકળ્યા હતા. રાતે દોઢ વાગ્યે રોડની સાઈડ પર કાર પાર્ક કરીને તેઓ ઉભા હોવાથી નાઈટ પેટ્રોલિંગ માટે નીકળેલા પોલીસે તેઓ પાસે ગાડીના કાગળો માંગતા તેઓ બંને ઉશ્કેરાઇ ગયા હતા. તેઓએ પોલીસ સ્ટેશન જઇ પી.આઇ. સાથે પણ ગેરવર્તન કરતા છેવટે ગોરવા પોલીસે બંનેની સામે ગુનો દાખલ કર્યો છે.

ગોરવા પોલીસ સ્ટેશનની પી.સી.આર.વાન ગઇકાલે રાતે પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન રાતે દોઢ વાગ્યે અટલ બ્રિજના છેડા પાસે કઢોળ સંશોધન કેન્દ્ર પાસે રોડની સાઈડ પર એક ફોર વ્હીલર કારની આગળ નંબર પ્લેટ વગરની ઉભી હતી. જયારે પાછળના ભાગે જીજે - ૬ - પીજી - ૩૭૦૬ લખેલી નંબર પ્લેટ હતી. કારની ડ્રાઈવિંગ સીટ પર એક પુરૂષ અને તેની બાજુમાં એક મહિલા બેઠી હતી. જેથી, પોલીસને શક જતા તેમણે નજીક જઇ ડ્રાઈવિંગ સીટ પર બેસેલા શખ્સ પાસે આર.સી.બુક માંગતા તે એકદમ ઉશ્કેરાઇ ગયો હતો. જોર - જોરથી બૂમો પાડીને હું આર.સી.બુક નહીં બતાવું. તારાથી થાય તે કરી લે.પીસીઆર વાનના સ્ટાફે મદદ માટે અન્ય બે પોલીસ વાનને બોલાવી હતી. ત્યારબાદ પી.આઇ.એ તેઓને પોલીસ સ્ટેશન આવવાનું કહેતા તેઓ પોલીસ સ્ટેશન આવ્યા હતા.

તેઓનું નામ પૂછતા દર્શન મનસુખલાલ પટેલ ( રહે.રાધાકૃષ્ણ સોસાયટી, રિફાઇનરી રોડ,) તથા તેની મહિલા મિત્રનું નામ પૂછતા તેણે પોતાનું નામ અંગાબેન સુમનભાઇ ચૌધરી (રહે. પ્રતાપ નગર પોલીસ લાઇન, પ્રતાપ નગર) હોવાનું જણાવ્યું હતું. અંગાબેન વાડી પોલીસ સ્ટેશનમાં હે.કો. તરીકે ફરજ બજાવે છે. ત્યારબાદ મહિલા હે.કો. અને તેના પુરૂષ મિત્રે પી.આઇ. સાથે પણ ગેર વર્તન કર્યુ હતું.

પોલીસ જવાને ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, આરોપીઓએ ઝઘડો કરી અમને ધમકી આપી હતી કે, તું તારી નોકરી ખોઇ નાંખીશ. અમે પોલીસ યુનિફોર્મમાં હોવાછતાંય તેઓએ અમારી પાસે આઇ કાર્ડ માંગ્યું હતું. તેની સાથેની મહિલાએ કહ્યું હતું કે, તારી શું સત્તા છે ? તું અમને ચેક કરે છે. ડ્રાઇવિંગ સીટ પર બેસેલા વ્યક્તિએ મોબાઇલ કાઢી અમારો વીડિયો ઉતાર્યો હતો અને પોલીસ કંટ્રોલ રૂમમાં વર્ધી લખાવી હતી કે, પોલીસ અમારી પાસે લાયસન્સ અને ગાડીના કાગળો માંગી હેરાન કરે છે. તેણે પોલીસને ધમકી આપી હતી કે, તું જો હવે તારી શું હાલત હું કરૂં છું.

# વડોદરામાં ૧૭ ટકા પરિવારોને સરકારની આયુષ્માન યોજના અંગે જાણકારી જ નથી

વડોદરાઃ કેન્દ્ર સરકારની હેલ્થ ઈન્સ્યોરન્સ સ્કીમ આયુષ્માન ભારત યોજનાને સરકારની સૌથી લોકપ્રિય યોજનાઓ પૈકી એક ગણાવાય છે પણ વડોદરામાં ૧૭ ટકા પરિવારોને તો આવી કોઈ યોજના અસ્તિત્વમાં હોવાની જાણકારી પણ નથી.એમ.એસ.યુનિવર્સિટીના સ્ટેટેસ્ટિક વિભાગના વિદ્યાર્થીઓની ટીમે વડોદરાના ૩૬૦ પરિવારોના કરેલા સર્વેમાં ઉપરોક્ત જાણકારી સામે આવી છે.સાથે સાથે આ પરિવારો પૈકી ૫૨ ટકા પાસે આયુષ્માન ભારત યોજનાનુ કાર્ડ છે.જ્યારે ૪૮ ટકા પરિવારો કોઈને કોઈ કારણસર આ યોજનાનો લાભ લઈ રહ્યા નથી.સ્ટેટેસ્ટિક વિભાગના માસ્ટર્સના વિદ્યાર્થીઓની ટીમ ઓમ રાજેશ ઠક્કર, ફોરમ દયાલજીભાઈ ગોહિલ, દિપશીખા કુમારી, કરણ હસમુખ સુથાર અને ગૌતમ ચંદુભાઈ રાસડિયાએ વિભાગના વરિષ્ઠ અધ્યાપક પ્રો.રાકેશ શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ આ સર્વે હાથ ધર્યો હતો.વિદ્યાર્થીઓનુ કહેવુ છે કે, જેમની પાસે આ કાર્ડ નથી તે પૈકી ૨૩ ટકાએ આ યોજનામાં આવકની મર્યાદાના નિયમને આગળ ધર્યો હતો.૪૬ ટકાનુ કહેવુ હતુ કે હોસ્પિટલમાં તે સ્વીકારાશે નહી તેવુ વિચારીને અમે કાર્ડ નથી કઢાવ્યુ.તો ૨૩ ટકાએ કાર્ડ નહીં કઢાવવા માટે લાંબી સરકારી પ્રક્રિયા અને જાત જાતના દસ્તાવેજો રજૂ કરવાના કારણને આગળ ધર્યુ હતુ.૧૮ ટકા પરિવારોએ કહ્યુ હતુ કે, આ કાર્ડના કારણે હોસ્પિટલમાં મફત સારવાર મળે છે તેવુ અમને ખબર જ નથી એટલે અમે આ યોજનાનો લાભ લીધો નથી.સાત ટકા લોકોએ પહેલેથી જ ઈન્સ્યોરન્સ લીધેલો હોવાથી આયુષ્માન ભારત સ્કીમનો ફાયદો નથી લીધો તેમ કહ્યુ હતુ.વિદ્યાર્થીઓનુ કહેવુ છે કે, માત્ર ચાર થી પાંચ પરિવારો અમને એવા જોવા મળ્યા હતા કે જેમાં ઘરના તમામ સભ્યો પાસે આ યોજનાનુ કાર્ડ હોય.ખાસ કરીને પરિવારમાં ૪૫ વર્ષ કે તેથી વધારે વયના સભ્યોનુ કાર્ડ હોય અને પરિવારમાં ૨૫ વર્ષ કે તેથી નાની વયના સભ્યોનુ કાર્ડ ના હોય તેવો ટ્રેન્ડ આ સર્વેમાં અમને જોવા મળ્યો છે.સાથે સાથે યોજનાઓ અંગે લોકોને ઘણી ગેરસમજ પણ છે.જે દૂર કરવાની જરુર છે

# ગુજરાતમાં છેલ્લા ૫ વર્ષમાં લગ્નેતર સંબંધને કારણે ૩૦૦ લોકોએ જીવન ટૂંકાવ્યું

અમદાવાદ,તા.૧૦

અમદાવાદમાં તાજેતરમાં ક્રાઈમ બ્રાન્ચની આર્થિક ગુના નિવારણ શાખાના પીઆઈ ખાચર સાથે છેલ્લા ચાર-પાંચ વર્ષથી પ્રેમ સંબંધ ધરાવતી યુવતીની આત્મહત્યાએ ચર્ચા જગાવી છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષથી લગ્નેતર સંબંધને કારણે આત્મહત્યાના પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં જ લગ્નેતર સંબંધને કારણે ૩૦૦ વ્યક્તિએ જીવન ટૂંકાવ્યું છે.ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં લગ્નેતર સંબંધને કારણે આત્મહત્યા કરવાના પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૧૯માં લગ્નેતર સબંધથી ૧૬ પુરુષ-૬ મહિલા એમ ૨૨ વ્યક્તિએ આત્મહત્યા કરી હતી. જેની સરખામણીએ વર્ષ ૨૦૨૨માં આ પ્રમાણ વધીને ૮૯ થઈ ગયું છે. જેમાં આત્મહત્યા કરનારામાં ૫૦ પુરુષ અને ૩૯ મહિલાનો સમાવેશ થાય છે. આ સ્થિતિએ ૩ વર્ષમાં લગ્નેતર સંબંધથી આત્મહત્યા કરનારામાં બમણાથી વધુનો વધારો થયો છે. છેલ્લા પાંચ વર્ષમાં લગ્નેતર સંબંધને કારણે થયેલી આત્મહત્યામાં ૧૭૨ પુરુષ અને ૧૩૧ મહિલાઓ છે.વર્ષ ૨૦૨૨માં અમદાવાદમાંથી લગ્નેતર સંબંધને કારણે રાજકોટમાંથી ૨૮ દ્વારા આત્મહત્યા થયેલી છે.

# ગુજરાતના કચ્છ જિલ્લાના લતીફ સમા સજા પૂરી થયા પછી પણ પાકિસ્તાનની જેલમાં છે

ભુજ,તા.૧૦

ગુજરાતના કચ્છ જિલ્લાના લતીફ સમા સજા પૂરી થયા પછી પણ પાકિસ્તાનની જેલમાં છે. જૂન ૨૦૧૮માં તેઓ ભૂલથી પાકિસ્તાન સરહદમાં ઘૂસી ગયા હતા. પાકિસ્તાન રેન્જર્સે તેમને જાસૂસ માનીને પકડી લીધા હતા અને કરાચીની લાંઢી જેલમાં કેદ કર્યા હતા. હવે પરિવારે તેમને ભારત પરત લાવવા માટે મદદ માટે ભારત સરકારને અપીલ કરી છે.૮૨ વર્ષીય લતીફ સમાને પાકિસ્તાનની અદાલતે સપ્ટેમ્બર ૨૦૧૮માં સજા સંભળાવી હતી, જે ૨૨ એપ્રિલ ૨૦૧૯ના રોજ પૂરી થઈ હતી. તેમનો પરિવાર તેમના ભારત પરત આવવા માટે કેન્દ્ર સરકારને સતત વિનંતી કરી રહ્યો છે.આ મામલે કેન્દ્રએ રાજ્ય સરકાર પાસેથી પણ માહિતી માગી છે. કેન્દ્ર સરકારે પરિવારના પત્રના જવાબમાં એમ પણ કહ્યું કે લતીફે તેમની સજા પૂરી કરી લીધી છે અને તેમની મુક્તિ માટે પાકિસ્તાન સરકાર સાથે વાતચીત ચાલી રહી છે. પાકિસ્તાન તરફથી તેમની નાગરિકતાની ઓળખ કરવી પડશે.ફસલ સમા, એક સામાજિક કાર્યકર છે અને તેમણે પાકિસ્તાનની જેલમાં બંધ ચાર લોકોને પરત લાવવાની સુવિધા આપી છે. તેમણે કહ્યું કે અમે લતીફની મુક્તિ માટે ઘણા પ્રયત્નો કર્યા છે, અમે પાકિસ્તાનમાં ભારત સરકારના હાઈ કમિશન અને વિદેશ મંત્રાલયને પત્રો પણ લખ્યા છે, અમે સરકાર પાસે માગ કરીએ છીએ કે લતીફને ભારત પરત લાવવામાં અમને બને એટલું જલ્દી મદદ કરવામાં આવે.

# થરાદ તાલુકાના બુઢપુર ખાતે આગમન જૈનાચાર્ય નૂં લોકો માં નો ખુશી નો માહોલ છવાયો





ગુલાબગિરિ એતિત ના પરિવાર દ્વારા કેરાયેલી સેવા માં પ્રેમ, કરૂણા અને ભક્તિ જોવા મંળી તે અદ્ભુત હતીઃ ૫,પુ નિત્યસેનસુરીશ્ર્વર જીમહારાજથીરપુર નગર મેઈન બજાર માં શેરી ના જિનાલય પ્રતિષ્ઠા ના ત્રિદિવસીય ભવ્ય પ્રસંગ મહોત્સવ માં પધારેલા પુણ્ય સમાટ શ્રી જયન્તસેન સુરીશ્ર્વરજી મહારાજ ના ૫ પુ ગરછાધિપતિ ધર્મ દિવાકીર શ્રી નિત્યસેનસુરી મહારાજ બુઢપુર ખાતે અંતિત ગુલાબગીરી ના શાંન્તિગિરિના લક્ષ્મી નિવાસ પર રાત્રી વિશ્રામ ક્યું હતું તેમજ થરાદ જૈન અગ્રણીઓ શૈલેષભાઈ દેસાઈ, રાજેન્દ્ર પ્રચાર દોશી ચીન્તનભાઈઅદાણી વગેરે ભાઈ હાજરે હતા

# ઈડરની શ્રી કે.એમ. પટેલ વિદ્યામંદિરમા આંતરરાષ્ટ્રીય મહીલા દીવસની ઉજવણી કરાઈ






ઈડર શહેરની ઈડરની શ્રી કે.એમ. પટેલ વિદ્યામંદિરમા તા. ૭.૩.૨૪ ગુરૂવારના નારોજ આંતરરાષ્ટ્રીય મહીલા દીવસની ઉજવણી કરવામા આવી હતી આંતરરાષ્ટ્રીય મહીલા દીવસ નિમિત્તે દીકરીઓ માટેની સરકારની યોજનાઓ અને કાયદાઓ તેમજ માહીતી અને માર્ગદર્શન આપવા માટે ૧૮૧ હેલ્પલાઈનની ટીમ ઉપસ્થિત રહી હતી ૧૮૧ હેલ્પલાઈન ટીમના શ્રીમતી સુરેખાબેન મકવાણા, રિંપલબેન પ્રજાપતિ, પોલિસ કેડરમાથી પન્નાબેન કે. પટેલ તથા મહીલા સહાયતા કેન્દ્રના દર્શનાબેન વારા ઉપસ્થિત રહ્યા હતા શાળાના સુપરવાઈઝર પી. કે. પટેલ ,જે.એન. પટેલ, શિક્ષિકા બહેન શ્રીમતી વીણાબેન ગઢવી, શ્રીમતી ભાવિનીબેન પટેલ, શ્રીમતી હેતલબેન ચૌધરી, શ્રીમતી રિંપલબેન ચૌધરી તથા શાળાની તમામ દિકરીઓએ આંતરરાષ્ટ્રીય મહીલા દીવસની ઉજવણીમા ઉત્સાહપૂર્વક ભાગ લઈ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો સમગ્ર કાર્યક્રમનુ સંચાલન શ્રીમતી વીણાબેન ગઢવી દ્વારા કરવામા આવ્યુ હતુ શાળાના આચાર્ય કિરણભાઈ પટેલે કાર્યક્રમને સફળ બનાવનાર તમામને અભિનંદન પાઠવ્યા હતા

# ભૂરિયા વિશ્વ કલ્યાણ સુંદરકાંડ શ્રુખલામાં આજે સતત ૧૭૭મા શનિવારે સુંદરકાંડ પાઠ યોજાયો




બનાસકાંઠા જિલ્લાના ભૂરિયા ખાતે વિશ્વ કલ્યાણ સુંદરકાંડ પાઠ શ્રુંખલા મા સતત ૧૭૭મા શનિવારે મહંત ઘેવરદાસજી મહારાજ ના કંઠે સુંદરકાંડ પાઠ યોજાયો આ પ્રસંગે મહંતશ્રી ઘેવરદાસ મહારાજે જણાવ્યું હતું કે સુંદરકાંડનો પાઠ કરવાથી ઈચ્છિત ફલની પ્રાપ્તિ થાયછે આ પાઠથી આધિ, વ્યાધિ, ઉપાધીનો નાશ થઈ મનોકામના પૂર્ણ થાય છે વિશ્વ કલ્યાણ માટે સુંદરકાંડ પાઠની શ્રુંખલા જ્યાં સુધી ભગવાન ની મરજી હશે ત્યાં અવિરત ચાલુ રહેશે

# ઇડરના લેઇ હાઈસ્કુલ વિદ્યાર્થી શુભેચ્છા સમારોહ યોજાયો




શ્રીમતી સી. આર. ગારડી ગાયત્રી હાઈસ્કૂલ લેઇ તા. ઈડર ખાતે તા. ૦૭.૦૩.૨૦૨૪ ને ગુરુવારે સવારે ૮.૦૦ કલાકે એસ.એસ.સી. ૨૦૨૪મા પરીક્ષા આપનાર વિદ્યાર્થીનો શુભેચ્છા સમારોહ તથા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનો પુરસ્કાર સમારોહ તથા વાલી સંમેલન એમ ત્રિવિધ કાર્યક્રમ શ્રી ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ લેઈના પ્રમુખ શંકરલાલ એમ. પટેલ, મંત્રી મનહરભાઈ આર. પટેલ તથા કારોબારી સભ્યશ્રીઓની હાજરીમા યોજાયો જેમા શાળાના આચાર્ય રમણિકકુમાર એસ. પટેલ તથા સ્ટાફ મિત્રોએ આશીર્વચન આપ્યા મોટી સંખ્યામા વાલીગણ ઉપસ્થિત રહી ઉત્સાહ વધાર્યો હતો

# જાયન્ટ્સ હિંમતનગરની બીઓડી અને કારોબારીની રચના કરવામા આવી




પ્રમુખશ્રી પંકજભાઈ મહેતા ના નિવાસસ્થાને જાયન્ટ્સ હિંમતનગરની જનરલ મીટીંગ મળી આ મિટિંગમા હોદ્દેદારોની વરણી કરવામા આવી પ્રમુખ પંકજભાઈ મહેતા, ઉપપ્રમુખ જયદીપસિંહ રહેવર અને ચિરાગભાઈ શાહ, મંત્રી મહેશભાઈ ભટ્ટ, સહમંત્રી ધીરુભાઈ પંચાલ અને ખજાનચી અક્ષયકુમાર પંચાલની સર્વસંમતિથી જાહેરાત કરવામા આવી આ ઉપરાંત અન્ય સક્રિય સભ્યોને કારોબારી સમિતિમા વરણી કરવામા આવી બધા જ હોદ્દેદારોને અભિનંદન અને શુભેચ્છા પાઠવવામા આવી

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO 223
વિષય :- મહાશિવરાત્રિ
શિર્ષક :- શિવરૂપમ્
પ્રકાર :- કાવ્ય - શબ્દ :- ૯૨
નામ :- દેવેન્દ્ર આચાર્ય

આત્મસાધના જાગે જીવ બને શિવરૂપમ્ ,
સ્વદર્શન પ્રગટે તો સર્વસ્વ શિવરૂપમ્ .

અપૂર્ણ બને પરિપૂર્ણ તો શિવરૂપમ્ ,
બિંદુ છે પામે સિંધુ તો શિવરૂપમ્ .

સીમાથી અસીમ દર્શન પામે શિવરૂપમ્ ,
મંત્ર સાધના સિદ્ધિ સમાધિ છે શિવરૂપમ્ .

દ્વૈતથી અદ્વૈત અનુભૂતિ છે શિવરૂપમ્ ,
ચિત્ત ચૈતન્ય તદરૂપ વિલસે છે શિવરૂપમ્ .

નાશવંતથી શાશ્વત જે છે તે શિવરૂપમ્ ,
અહમ્ થી સોહમ્ સદાઆનંદ છે શિવરૂપમ્ .

ભાવ-અભાવથી મૂળ સ્વભાવ છે શિવરૂપમ્ ,
નાદથી નાદબ્રહ્મ જ છે શિવરૂપમ્ .

શિવશક્તિ એક જ છે શિવરૂપમ્ ,
અત્ર, તત્ર, સર્વત્ર નીરખું એ શિવરૂપમ્ .

## "માં તે માં"

કહે દુનિયા જ્યારે "માં તે માં" ત્યારે,
હું લખું "માં થી સવાઈ છે. સાસુ માં"

નાને થી મોટો કરી દિકરામાં સંસ્કારના સિંચન ભરતી,
કહી"તમે સુખી તો અમે સુખી" દિકરો વહુને હાથ ધરતી.

લાગુ પાય જયારે એને,સુખી થવાના આશિષ એ દેતી,
મારી વહુ દીકરા થી સવાઈ ,એવું ગર્વ થી મને કે'તી.

ભીંજાય કોકદી મારી આંખલડી,તો મારો દિકરો કહી વ્હાલ કરતી,
મળી "માં"ને ભુલાવે એવી "માવલડી" એવી અંતરથી હું ખુશી ભરતી.
જએકતાની અટપટી વાતો.
એકતા અર્જુન ગજેરા (અમદાવાદ)
..............................

## હોય છે.

હું કરું આ મેં કર્યું વિચાર ખોટો હોય છે,
આપણે મોટા નથી ચિતાર મોટો હોય છે.

હોય છે મતલબ ભરેલી માનવીની જાત આ,
માનવી સાચો જુઓને ક્યાંય જોટો હોય છે?

આપણી ઔકાત કેવળ શ્વાસ લગ સિમિત છે,
પીપળે જળ ધાર કરવા એક લોટો હોય છે.

જીવતાં જીવે મળે છે ઘુંટડા અહીં ઝેરનાં,
ભોગ છપ્પન પામનારો એક ફોટો હોય છે.

ના મળી હો જિંદગીભર સ્નેહની સુવાસ જ્યાં,
લાશ પર એની ફૂલો ગુલાબ ગોટો હોય છે.

નિધિ મહેતા 'ખુશી' (અમદાવાદ)

## કાના ની યાદ

શ્યામને આજ હેડકી ચઢી છે,
એક એક હેડકીએ કૃષ્ણ મુખે ઉદાસી છવાઈ છે!

કઈ કેટલાય દાવેદાર કૃષ્ણની પ્રીતના છે,
પણ આજ આ હેડકી ગોકુળની યાદ લઈ આવી છે!

વણ ચોમાસે ગોકુળમાં વરસાદ છે,
તેનું કારણ રાધા કેરી આંખ છે!

રુકમિણીનો પાલવ ત્યજી કૃષ્ણએ દોડ મૂકી છે,
નિત્યપ્રિય સત્યભામાને પણ હવે રીસ ચડી છે!

પટરાણીના હુકમે દાસીઓ દોડી રહી છે,
દ્વારકાના કમાડ વાસી દાસીઓ આડી ઉભી છે!

દ્વારેથી કૃષ્ણ પાછા ફરી રહ્યા છે,
આંખોથી અશ્રુ ધારા વહી રહી છે!

કઈ કેટલાય ઉપાયે હેડકી આજ બંધ થાયે નહીં,
રાધાને આજ કાનાની યાદ ભુલાયે નહીં!
-પૂર્વી શાહ (અમદાવાદ )

## કવિતા..!

મારી એ કવિતા....!
જેણે મને આજ સુધી ઘણું આપ્યું છે!

રોજ નવા સપનાં અને રંગો ભર્યા છે મારા જીવનમાં!
મારાં સુખ અને દુઃખ કંડારાયા છે એ કવિતા થકી!

મારી લાગણીઓને માથાબોળ પલાળી છે કવિતામાં!
મારો હરખ નિચોવ્યો છે કવિતામાં!

ફૂલ ઉપર બેઠેલી ઝાકળની જેમ મેં પણ શબ્દો સાથે આંસુ મૂક્યાં છે.

ક્યારેય વાદળની જેમ જ તૂટી પડી છું તો ક્યારેક મોગરાની સુગંધની જેમ કોમળ સ્પર્શ કરીને જ જતી રહીછું.

મારાં શ્વાસ પણ આ કવિતા થકી જ તો મહેકે છે!
અને બદલામાં મેં શું આપ્યું એને?

કાંઈ જ તો નહીં.
અને ધારું તો આપી પણ શું શકું?
વધી વધીને મારું જીવન....!

નિખિતા ઘાડિયા ( જામનગર)

## સંસ્કૃતિ

ઘર ઘર માં જ્યાં પ્રથમ રોટલી ગાય માતાની વણાય
કર્તવ્યોની થાય પ્રશંષા, નાં અધિકારની ભાષા
એ સંસ્કૃતિ છે અમારી

કુટુંબની જ્યાં કલ્પના લાધી,ત્યાગની કરી તપસ્યા
ધર્મ, મોક્ષ ની મર્યાદા માં, અર્થ, કામ ને બાંધ્યા
એ સંસ્કૃતિ છે અમારી

અણજાણી મહિલાને પણ જ્યાંહ, માતા કહીને બોલાવે
પરિવારની પ્રગતિ અર્થે, નિજ હિત જ્યાં ભુલાવે
એ સંસ્કૃતિ છે અમારી

જીવન ને જ્યાં આદર્શોથી, સીંચે હર એક મમતા
માતા, પિતા, ગુરુ તો સમજ્યા, જ્યાં અતિથી દેવ ગણાતા
એ સંસ્કૃતિ છે અમારી

મિનલ પંડ્યા (બૉસ્ટન અમેરિકા)

## "દિલની વાત"

દિલની વાત આજ આ મોસમમાં તને કહી દવ છું,
ને એ સાંભળી તું મલકાઈ ને હું તો ભીની થઈ જાઉં છું...

મુજ નયનમાં તો તારા પ્રેમની ઝરમર વર્ષા થાય છે,
ને એ વર્ષા નયનમાં હું તો પ્રેમથી સમાવી લઉં છું...

મારા મનના આંગણામાં જે વાદળો ઘેરાયા છે,
ને તું સ્પર્શે ત્યારે હું તો હરિયાળી બની જાઉં છું ...

તું ધીરે ધીરે બોલ હું સાંભળી રહી છું તારી વાતો,
ને વાતો વાતોમાં હું તો તારા પ્રેમમાં ખોવાઈ જાઉં છું...

આ મોસમનો મિજાજ તો જો તારી સમીપ લાવે છે,
ને તારા આલિંગનમાં તો જો..હું ભીંજાઈ જાઉં છું....

વરસાદ કરતાં તો તારા પ્રેમમાં વધુ આનંદ મળે છે,
ને દરેક ક્ષણે ક્ષણે હું તો તારા પ્રેમમાં ભીંજાઈ જાઉં છું...

નિહારિકા સોલંકી "પનાહ"(સુરત)

## હારીજ ખાતે સંસદ સભ્ય ની ઉપસ્થિતિમાં યુવા મોર્ચાના પૂર્વ પ્રમુખે જિલ્લા પ્રમુખ સામે વ્હાલા દવાલાની નીતીનો આક્ષેપ કર્યો

### જિલ્લા ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોરે પોતાના મળતીયા ને જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ બનાવી દીધાના કર્યા આક્ષેપ

ભારતીય જનતા પાર્ટી દ્વારા લોકસભાના ઉમેદવારો જાહેર કરતાની સાથે જ ઉમેદવારો દ્વારા ચુંટણી પ્રચારના શ્રી ગણેશ પોતાના મત વિસ્તારમાં કરી રહ્યા છે ત્યારે પાટણ લોકસભા બેઠક પર ચાલુ સાંસદ ભરતસિંહ ડાભીને રિપિટ કરવામાં આવતા કાર્યકરો મા કહી ખુશી કહી અંદર ખાને ગમના માહોલ વચ્ચે સાંસદ ભરતસિંહ ડાભી દ્વારા ચુંટણી પ્રચાર અર્થે બેઠકોનો દોર શરૂ કર્યો છે ત્યાર ગતરોજ પાટણ જિલ્લાના હારીજ ખાતે સાંસદ ભરતસિંહ ડાભી તેમજ જીલ્લા ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોર સહીત ભાજપના નામી અનામી આગેવાનો ની બેઠક મળી હતી તે દરમિયાન ચાલુ ચર્ચા દરમિયાન એક ભાજપના પૂર્વ યુવા મોરચાના પ્રમુખ રાજુજી દ્વારા જિલ્લા ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોર સામે બળાપો ઠાલવતા જણાવ્યુ હતુ કે જિલ્લા ભાજપ પ્રમુખ દશરથજી વ્હાલા દવાલાની નીતી અપનાવે છે તેમજ તેઓ દ્વારા પોતાના નજીકના તથા મળતીયાઓને જ પક્ષ ના મહત્વના હોદા પર બેસાડે છે તેમજ તેમના દ્વારા વધુમા જિલ્લા ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોર પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે તાજેતર માંજ પાટણ જિલ્લા હોમગાર્ડ કામાન્ડન્ટ તરીકે જે સંજયજી ઠાકોરની નિમણૂક કરવામાં આવી છે ત્યારે સંજય જી પોતે તથા તેમને પરિવાર વર્ષો થી કોંગ્રેસ પક્ષ સાથે જોડાયેલો છે તેમજ ગત વિધાનસભા ચૂંટણી દરમિયાન પણ તેઓ દ્વારા ભાજપ વિરુદ્ધ મતદાન કરવા પ્રચાર કરવામા આવ્યો હોવા છતા પણ જીલ્લા ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોર દ્વારા તેઓને જીલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ તરીકે નિમણૂક કરી ને વર્ષો થી ભારતીય જનતા પાર્ટીના પાયામાં કાર્યકરો ની લાગણી દુભાવી છે.

ગત રોજ હારીજ ખાતે યોજાયેલી ભાજપની મિટીંગ દરમિયાન વાયરલ થયેલા વિડીયોયે સમગ્ર પાટણ જીલ્લાના ભાજપમાં હડકંપ મચાવી દીધો હતો જેમા ચાલુ મિટીંગ દરમિયાન હારીજના પૂર્વ યુવા મોર્ચાના પ્રમુખ રાજુજી ઠાકોર દ્વારા જિલ્લા ભાજપ પ્રમુખ સામે આક્ષેપ બાજીનો મારો ચલાવતા પક્ષના આગેવાનોને તેઓને મનાવવા મજબુર બનવું પડ્યું હતુ જેમા રાજુજી ઠાકોર દ્વારા થોડા દિવસો પહેલા પાટણ જીલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ તરીકે સંજયજી ઠાકોરની નિમણુક કરવામા આવી હોવાથી તેઓ દ્વારા જણાવ્યું હતું જિલ્લા ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોર દ્વારા પોતાનાજ મળતીયાઓને ઊંચા હોદાઓ આપી રહ્યા છે તેમજ પાયાના કાર્યકરોની વાત પણ જિલ્લા ભાજપ પ્રમુખ ન સાંભળતા હોવાનું વાઈરલ વિડીયો મા જણાવ્યું હતું આમ સમગ્ર વાઈરલ વિડીયોથી પાટણ જીલ્લા ભાજપમાં હડકંપ મચી જવા પામ્યો હતો

નિખીલ જોષી ચાણસ્મા

# સપ્તાહ દરમિયાન સોનાના વાયદાના ભાવમાં રૂ.૨,૮૩૯ અને ચાંદીમાં રૂ.૩,૦૩૬નો જંગી ઉછાળોઃ ક્રૂડ તેલમાં રૂ.૪૨ની વૃદ્ધિ

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧થી ૭ માર્ચ સુધીના સપ્તાહ દરમિયાન ૮૧,૮૨,૦૭૧ સોદાઓમાં કુલ રૂ.૭,૬૩,૮૦૧.૬૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૭,૯૧૪.૬૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૬૬૫૭૯૨.૨૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮,૯૪,૧૮૬ સોદાઓમાં રૂ.૭૨,૦૯૪.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨,૫૬૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૫,૫૮૭ અને નીચામાં રૂ.૬૨,૪૦૩ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨,૮૩૯ વધી રૂ.૬૫,૪૦૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧,૪૨૪ વધી રૂ.૫૧,૬૪૭ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૭૩ વધી રૂ.૬,૪૧૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨,૭૦૫ વધી રૂ.૬૫,૨૪૬ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૭૧,૩૪૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૪,૫૬૫ અને નીચામાં રૂ.૭૧,૦૦૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩,૦૩૬ વધી રૂ.૭૪,૩૧૫ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨,૯૪૦ વધી રૂ.૭૪,૩૦૨ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨,૯૦૦ વધી રૂ.૭૪,૨૮૬ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫૭,૬૪૧ સોદાઓમાં રૂ.૫,૮૭૧.૩૬ કરોડના વેપાર થયા હતા. તાંબુ માર્ચ વાયદો રૂ.૭૨૭.૩૦ના ભાવે ખૂલી, રૂ.૮.૩૦ વધી રૂ.૭૩૫.૪૫ જ્યારે એલ્યુમિનિયમ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૨.૮૦ વધી રૂ.૨૦૩.૧૦ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૨.૦૦ વધી રૂ.૧૮૧ના ભાવ થયા હતા. જસત માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૬.૮૦ વધી રૂ.૨૨૧ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૬૫ વધી રૂ.૨૦૩.૧૦ સીસુ-મિની માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૧.૭૫ વધી રૂ.૧૮૦.૫૫ જસત-મિની માર્ચ વાયદો રૂ.૬.૬૦ વધી રૂ.૨૨૧.૧૫ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫,૯૯,૯૩૧ સોદાઓમાં રૂ.૧૯,૭૫૫.૪૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૬,૫૧૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૬૯૪ અને નીચામાં રૂ.૬,૪૩૫ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૨ વધી રૂ.૬,૫૫૫ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૪૩ વધી રૂ.૬,૫૫૯ બંધ થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫૫ના ભાવે ખૂલી, રૂ.૩.૧૦ ઘટી રૂ.૧૫૪.૦૦ અને નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો ૩ ઘટી ૧૫૪.૨ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૯૩.૫૮ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૬૨,૧૮૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૨,૭૨૦ અને નીચામાં રૂ.૬૧,૧૬૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૭૪૦ વધી રૂ.૬૨,૬૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૭.૭૦ વધી રૂ.૯૪૯.૨૦ બોલાયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩૩,૪૭૫.૩૫ કરોડનાં ૫૨,૦૩૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૮,૬૧૮.૯૭ કરોડનાં ૫,૨૬૬.૯૭૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૯,૫૬૩.૭૬ કરોડનાં ૧,૪૫,૮૪,૪૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧૦,૧૯૧.૬૬ કરોડનાં ૬૩,૫૨,૬૮,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૭૨૧.૯૯ કરોડનાં ૩૫,૭૫૩ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૮૧.૦૩ કરોડનાં ૧૫,૭૦૮ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૨,૭૨૩.૯૭ કરોડનાં ૩૭,૨૮૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨,૧૪૪.૩૭ કરોડનાં ૯૮,૫૬૫ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૫૨.૩૧ કરોડનાં ૨૪,૨૪૦ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૪૧.૨૭ કરોડનાં ૪૪૦.૨૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૬,૧૯૭.૩૫૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૩૦.૧૦૮ ટન, તાંબાના વાયદાઓમાં ૧૧,૯૦૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૪,૭૧૦ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૬૯૨ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૬,૭૪૨ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૫,૭૧,૪૧૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૯,૭૩,૩૯,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૩૧,૧૫૨ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૯૭.૭૨ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૯૪.૬૯ કરોડનાં ૧૧૫૬ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૨૧ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ માર્ચ વાયદો ૧૬,૦૨૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૭૦૦ અને નીચામાં ૧૫,૯૫૩ બોલાઈ, ૭૪૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬૬૮ પોઈન્ટ વધી ૧૬,૬૭૧ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૬૬૫૭૯૨.૨૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૬૦૯૨૫.૯૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૩૮૭૮.૧૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૪૮૬૬૮.૫૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૨૧૭૮.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

# ભારત-પાકિસ્તાન બોર્ડર નડાબેટ ખાતેથી ૧૦૦ નવીન બસોનું લોકપર્ણ કરાયું



**★વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ ફ્લેગ ઓફ કરી બસોને પ્રસ્થાન કરાવ્યું★**

**★સીમા પરથી એક સાથે ૧૦૦ નવીન બસોનું લોકાર્પણએ અલૌકિક ઘટનાઃ- અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી★**

**★ગામે ગામ બસની કનેક્ટિવિટી વધે એ માટે રાજ્ય સરકાર કટિબદ્ધઃ-ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી★**

**★અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૪ લોકાર્પણ સમારોહ દ્વારા ૧૭૨૫ નવીન બસોની સુવિધાનો લાભ નાગરિકોને મળ્યો છે★**

વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં આજે ભારત પાકિસ્તાન બોર્ડર પર આવેલ નડાબેટ ખાતે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ હસ્તકની ૧૦૦ નવીન બસોનો ૧૪મો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના વરદ હસ્તે દેશના ઈતિહાસમાં પ્રથમવાર સીમાવર્તી વિસ્તારમાંથી એક સાથે ૧૦૦ નવીન બસોને ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. અધ્યક્ષશ્રી તેમજ ગૃહમંત્રીશ્રીએ આગેવાનો સાથે બસમાં બેસી નડાબેટ થી સુઈગામ સુધી મુસાફરી કરી હતી. આ નવીન બસ સેવાના પ્રારંભથી રાજ્યના ૨૦,૦૦૦ નાગરિકોની સુવિધામાં વધારો થશે. તેમજ રાજ્યની પરિવહન સેવા વધુ સુદ્રઢ અને સુવિધાયુક્ત બનશે.

રાજ્યમાં જાહેર પરિવહનની સેવા અને સુવિધામાં સતત વધારો થાય એ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ×સલામત સવારી એસ ટી અમારી× આધુનિક સુવિધાથી સજ્જ બની રહી છે. રાજ્યમાં છેવાડાના માનવીઓ સુધી એસ.ટી ની સુવિધા સરળતાથી પહોંચી શકે એ માટે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ૧૪ મહિનામાં ૧૪ લોકાપર્ણ કાર્યક્રમ દ્વારા ૧૭૨૫ નવીન બસો નાગરિકોની સુવિધા માટે શરૂ કરવામાં આવી છે. ત્યારે આજે સીમાવર્તી નડાબેટથી શરૂ થયેલ નવીન ૧૦૦ બસોની સુવિધા આ વિસ્તારના અંતરિયાળ ગામોની કનેક્ટિવિટી સાથે નાગરિકોની પરિવહન સુવિધામાં વધારો કરશે.વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ નવીન બસોનું લોકાપર્ણ કરતાં જણાવ્યું કે મેં મારા જીવનમાં આવું દ્રશ્ય કયારેય જોયું નથી. ભારત પાકિસ્તાન સીમા બોર્ડર પરથી એક સાથે ૧૦૦ નવીન બસોનું લોકાર્પણએ અલૌકિક ઘટના છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને આપણા જિલ્લા માટે વિશેષ લાગણી હોવાથી આજે નડાબેટ આખા દેશનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. વિકાસની વાત આવે ત્યારે પ્રધાનમંત્રીશ્રીએ હમેશાં બનાસકાંઠા જિલ્લાને યાદ કર્યો છે. તેને પ્રાધાન્ય આપ્યું છે. તો રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ પણ બનાસકાંઠા જિલ્લાના વિકાસ માટે ચિંતિત અને પ્રતિબદ્ધ છે. અધ્યક્ષશ્રીએ વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીનો બનાસવાસીઓ વતી આભાર માન્યો હતો. સલામત સવારી એસ ટી અમારી આજે વધુ સુવિધાયુક્ત બની છે. એસ ટી સ્ટોપ આજે એરપોર્ટ જેવા બન્યા છે. સમગ્ર એસ.ટી તંત્રમાં બદલાવ આવ્યો છે. જેના લીધે ખોટ કરતું એસ.ટી તંત્ર આજે નફો કરતું થયું છે. આ પ્રસંગે ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ સીમાવર્તી ગામોના લોકોને નવીન બસોની સુવિધાના અભિનંદન આપતાં જણાવ્યું કે દેશના ઈતિહાસમાં આવું પ્રથમવાર બન્યું છે કે, ભારત પાકિસ્તાન સીમા પર એક સાથે ૧૦૦ નવી બસોના લોકાપર્ણનો અવસર બન્યો હોય. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને બનાસકાંઠા જિલ્લા માટે લાગણી છે. જેના લીધે જિલ્લાના સરહદી અંતરિયાળ અને છેવાડાના ગામો સુધી એસ.ટી ની સુવિધા પહોંચી છે. રાજ્યમાં દરરોજ ૨૭ લાખ યાત્રિકો એક સ્થળે થી બીજા સ્થળે પહોંચવા એસ.ટી બસની સુવિધાનો ઉપયોગ કરે છે. આગામી સમયમાં આ સેવામાં વધારો થશે અને રોજના ૩૦ લાખ યાત્રિકો સુધી આ સેવા પહોંચવાની છે. ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ લોકોને બસમાં સ્વચ્છતા રાખવાની અપીલ સાથે જણાવ્યું કે આ બસોને સરકારી બસો નહિ પણ તમારૂ પોતાનું સાધન માની તેને સ્વચ્છ રાખજો. આ બસોથી આ વિસ્તારમાં પર્યટન ઉદ્યોગને વેગ મળશે. વેપાર ધંધા અને રોજગાર વધશે. તેમજ જિલ્લાનું પરિવહન માળખું સુદ્રઢ બનશે જેનાથી નાગરિકોની સુવિધામાં વધારો થશે.આ પ્રસંગે સાંસદશ્રી પરબતભાઇ પટેલ, રાધનપુરના ધારાસભ્યશ્રી લવિંગજી સોલંકી, કડીના ધારાસભ્યશ્રી કરશનભાઈ સોલંકી, જિલ્લા કલેક્ટરશ્રી વરુણકુમાર બરનવાલ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષય રાજ મકવાણા, એસ.ટી.નિગમના વર્કસ મેનેજરશ્રી પી.એમ.પટેલ, પાલનપુર વિભાગીય નિયામકશ્રી કિરીટભાઈ ચોધરી, વિનુભાઈ ચોધરી, રઘુવિરસિંહ ચૌધરી સહિતના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને મોટી સંખ્યામાં સરહદી વિસ્તારના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યમાં બાળ આરોગ્ય સંભાળ અને સ્વાસ્થ્ય અંગે મહત્વ પૂર્ણ નિર્ણય કર્યા છે

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં જે બાળકોને સરકાર તરફથી એકવાર વિનામુલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટ કરવામાં આવે છે તેવા બાળકોને બીજા કોકલીયર ઈમ્પ્લાન્ટ પ્રોસેસર માટે અગાઉ ૫૦ ટકા પ્રમાણે આપવાના થતા ફાળા ને બદલે હવે લાભાર્થી પાસેથી માત્ર ૧૦% ફાળો લેવાનો નિર્ણય કર્યો છે.જેથી વાલીઓ બાળકને અગાઉ આપવામાં આવેલ કોકલીયર મશીનની કાળજી વ્યવસ્થિત લેશે.

એટલું જ નહિ જે કિસ્સાઓમાં લાભાર્થીઓએ સરકારી સહાય વગર પોતાના ખર્ચે કોકલિયર ઈમ્પ્લાન્ટ કરાવેલું હશે તેમાંથી ચાર લાખ રૂપિયા થી ઓછી આવક ધરાવતા લાભાર્થીઓને એક વાર કોકલીયર ઈમ્પ્લાન્ટ પ્રોસેસર માટે હવે લાભાર્થી પાસેથી ૧૦ ટકા ફાળો લેવાની જોગવાઈ કરવામાં આવી છે.સુપર સ્પેશિયાલીટી સારવાર માટે અમદાવાદ ખાતે રીફર થતા શાળા ૩ આરોગ્ય કાર્યક્રમના તમામ લાભાર્થીઓને તેમના રહેઠાણથી આરોગ્ય સંસ્થા સુધીનુ જવા આવવાનું મુસાફરી ભથ્થુ એસ.ટી.ના ભાવ મુજબ મળશે તેવો પણ નિર્ણય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે કર્યો છે.

રાજ્યમાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત કોકલિયર ઈમ્પલાંટ ઓપરેશનનો અંદાજિત ખર્ચ ૭ લાખ રૂપિયા જેટલો થાય છે. રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ૩૦૬૧ કોકલિયર ઈમ્પલાંટ ઓપરેશન માટે ૨૧૪ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે.રાજ્યમાં હાલ લગભગ ૨૦૦ બાળકોને કોકલિયર ઈમ્પલાંટ પ્રોસેસર ની જરૂરિયાત છે. આવા એક પ્રોસેસર ની અંદાજિત કિંમત ૩ લાખ રૂપિયા થાય છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ ના આ બાળઆરોગ્ય હિત લક્ષી નિર્ણય ને પરિણામે આવા બાળકોને માત્ર ૧૦ ટકા ફાળામાં આ કોકલિયર ઈમ્પલાંટ પ્રોસેસરનો સેવા લાભ મળતો થશે.

## નાગવિરી ગામે મહાશિવરાત્રી ની ભક્તિભાવથી ઊજવણી કરવામાં આવી

મહેશ એલ.સોની
નખત્રાણા

નખત્રાણા તાલુકાના નાગવીરિ ગામે આવેલું પ્રાચીન શ્રી રાજરાજેશ્વર મહાદેવ મંદિરે મહાશિવરાત્રીની ભક્તિ ભાવથી ઊજવણી કરવામાં આવી હતી . ધ્વજા રોહણ, ભજન, કિર્તન તેમજ રાત્રે ચાર પહોરની પૂજા અર્ચના કરવામાં આવી હતી. સામાન્ય રીતે એક શિવ મંદિરમાં એક શિવલિંગ સ્થાપિત હોય પરંતુ આ શિવ મંદિરમાં બે શિવલીંગ સ્થાપિત છે આ પ્રસંગે શ્રી રતનશી વિશ્રામ પોકાર, શ્રી ગંગદાસ દેવજી લીબાણી, શ્રી રતનશી ભાઈ રવજી પોકાર, શ્રી ભરત ભાઈ પોકાર , શ્રી ચંદુભાઈ લીબાણી, શ્રી લખમશી ભાઈ લીબાણી, શ્રી કરશન ભાઈ લીબાણી , શ્રી શંકર ભાઈ ભાદાણી, શ્રી તુલસી ભાઈ, વાસાણી, શ્રી ગોવિંદભાઈ વાસાણી, શ્રી વિશ્રામભાઈ છાભૈયા , મોહન ભાઈ લીબાણી સહિત મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.



# ૪૩ કરોડના ખર્ચે પાલિકા પલસાણાના ઉદ્યોગોને સેકન્ડરી ટ્રીટેડ વોટર લાઈન નાંખશે



સુરત, તા. ૧૦

સચિન અને પાંડેસરા બાદ હવે પલસાણાના ઉદ્યોગોને પણ સેકન્ડરી ટ્રીટેડ વોટર પહોચાડવા માટે સુરત પાલિકાએ કવાયત શરુ કરી છે. પલસાણા ખાતે આવેલા એન્વિરો પ્રોટેક્શન લિમિડેટને તબક્કાવાર ૧૦૦ એમ.એલ.ડી. ટ્રીટેડ વોટર પુરૂ પાડવામાં આવશે. આ કામગીરી સુરત પાલિકાને ૪૩ કરોડનો ખર્ચ થશે અને તેના માટે સરકારની નીતિ પ્રમાણે સુરત પાલિકાને કુલ કેપીટલ ખર્ચમાંથી ૫૦ ટકા ખર્ચ મળશે.

ચોખ્ખા પાણીની બચત અને ગંદા પાણીને ટ્રીટ કરી તેનો રી યુઝ કરવા માટે સરકાર દ્વારા ટ્રીટેડ વોટર રિસાયકલ પોલીસી બનાવી છે. આ પોલીસી અંતર્ગત સુરત પાલિકા પાંડેસરા અને સચિનના ઉદ્યોગોને ટ્રીટેડ પાણી પુરુ પાડી રહી છે. સરકાર દ્વારા હાલ પોલિસી બનાવવામાં આવી છે તેમાં આવા પ્રોજેક્ટ માટે પાલિકા જે કેપિટલ ખર્ચ કરે તેમાંથી ૫૦ ટકા ખર્ચ સરકાર આપે છે. આ પોલીસી હેઠળ સુરત પાલિકા હવે આગામી દિવસોમાં પલસાણા ખાતે આવેલા એન્વિરો પ્રોટેક્શન લિમીટેડ (પીઈપીએલ)ના ઔદ્યોગિક ક્લસ્ટર વરાછા પમ્પીંગ સ્ટેશન થી ટ્રીટેડ વોટર પુરુ પાડવા માટે કવાયત કરી રહી છે. આ કામગીરી અંતર્ગત ટ્રાન્સમિશન લાઈન નાખવા માટેના ટેન્ડર સ્થાયી સમિતિએ મજુરી આપી દીધી છે. પાલિકાના વરાછા ટ્રીટેડ વોટર પમ્પીંગ સ્ટેશન થી પલસાણા એન્વિરો પ્રોટેક્શન લિમીટેડના ક્લસ્ટરને તબક્કાવાર ૧૦૦ એમ.એલ.ડી. સેકન્ડરી ટ્રીટેડ વેસ્ટ વોટર સપ્લાય કરવા માટે ૪૩.૩૬ કરોડની લાઈન નાખવા તથા આ કામગીરી માટે ૧૦ વર્ષના ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સ ૧.૩૨ કરોડના ખર્ચ માટેની કામગીરી હિન્દુસ્તાન ફેબ્રીકેશનને સોંપવામા આવી છે.

આ કામગીરી માટે પાલિકા સમક્ષ ચાર ઓફર આવી હતી. તેમાં ૪૦ એમ.એલ.ડી.ના બે તથા ૩૫ એમ.એલ.ડી. ક્ષમતાના ટર્શરી ટ્રીટેડ વેસ્ટ વોટર સપ્લાય ના પ્લાન્ટ કાર્યરત છે. હવે પાલિકાએ ટ્રીટેડ વેસ્ટ વોટરને પણ રી સાયકલ રી યુઝ પોલિસી અંતર્ગત સેકન્ડરી ટ્રીટેડ વોટર પણ ઉદ્યોગોને આપવાની યોજના અમલમાં મુકી છે. આ કામગીરી માટે પાલિકાને સરકાર તરફથી ૫૦ ટકા કેપિટલ પ્રોજેક્ટ માટે ગ્રાન્ટ મળે છે તેથી આ પોલીસીનો અમલ પાલિકા મહત્તમ કરીને ચોખ્ખા પાણીનો બચાવ અને ગંદા પાણીનો ઉપયોગ કરવાની યોજના નો અમલ કરી રહી છે.



સુરત સરસાણા ખાતે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજી પુસ્તક વિમોચન ના કાર્યક્રમ મા ઉપસ્થિતિ રહ્યા હતા.આ કાર્યક્રમમા રાજ્ય સરકાર ના મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ,ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈ, મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી રાજનભાઈ પટેલ, શહેર મહામંત્રી શ્રી કિશોરભાઈ બિંદલ, પૂર્વ મેયર શ્રી હેમાલીબેન બોઘાવાલા,સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પરેશભાઈ પટેલ તેમજ પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા

## આગામી લોકસભાની ચૂંટણી આચાર સંહિતાના પગલે પાલિકામાં વિકાસના કામોનો ધમધમાટ

સુરત, તા. ૧૦

આગામી લોકસભાની ચુંટણી ની અસર રાજકારણ સાથે સાથે પાલિકા પર પણ જોવા મળી રહી છે. ચુંટણીની આચાર સંહિતા જાહેર થાય તે પહેલાં સુરત પાલિકા વિકાસ રોકેટ ગતિએ આગળ વધી રહ્યો છે. લોકસભાની ચુંટણી જાહેર થાય તે પહેલાં એક જ દિવસમાં સુરત પાલિકામાં વિકાસ નો વિસ્ફોટ જોવા મળ્યો હતો. ગત ગુરુવારે યોજાયેલી સ્થાયી સમિતિના રેગ્યુલર એજન્ડામાં ૬૨૦ કરોડના ૮૫ કામો અને વધારાના ૯૪ કામના ૨૬૭ કરોડ અને સમિતિના ૧૨૮ કરોડ મળીને ૧૦૧૬ કરોડના કામ એક સાથે મંજુર કરી દેવાયા હતા હવે આ કામોની મજુરી માટે આવતીકાલ સોમવારે પાલિકાની સામાન્ય સભાની બેઠક મળશે જેમાં સ્થાયી સમિતિના કામો તથા વિવિધ સમિતિ ના કામો પર મંજૂરીની મહોર મારી દેવાશે,

આગામી દિવસોમાં ગમે ત્યારે લોકસભાની ચૂંટણી જાહેર થઈ જાય અને આચાર સંહિતા લાગુ પડી જાય તેવી શક્યતા છે. આ શક્યતાને પગલે પાલિકાનું વહિવટી તંત્ર અને શાસકો અચાનક જ હરકતમાં આવી ગયાં છે. આજે સ્થાયી સમિતિની બેઠક માટે રેગ્યુલર એજન્ડામાં ૮૫ કામો રજૂ કરવામાં આવ્યા હતા જેના પ્રોજેક્ટ ની અંદાજીત કિંમત ૬૨૦ કરોડની થતી હતી. પરંતુ આજે દિવસ દરમિયાન પાલિકા કચેરી ધમધમતી રહી હતી અને એક બાદ એક વધારાના ૯૪ કામ રજુ કરી દેવામા આવ્યા હતા અને વિવિધ સમિતિ ના અંદાજો સાથે ૩૯૫ કરોડના કામ રજુ કરી અને મંજુર પણ કરી દેવામા આવ્યા છે. જેના કારણે આજની સ્થાયી સમિતિમાં ૧૭૯ કામ રજૂ કરવામાં આવ્યા હતા અને ગણતરીની મિનિટોમાં સ્થાયી સમિતિની બેઠક આટોપી પણ લેવામાં આવી હતી અને એક સાથે ૧૦૧૬ કરોડના કામોને મંજૂરી આપી દેવામાં આવી હતી. આ ઉપરાંત હાલમાં લાઈટ એન્ડ ફાયર કમિટી સહિત અન્ય કમિટિની પણ બેઠક મળી હતી આ કમિટીના કામોને મજૂરી માટે સામાન્ય સભા મંજુરી ની જરુર છે . ઉપરાંત આગામી ૧૪ માર્ચ ના રોજ લોકસભાની ચૂંટણીની જાહેરાત થાય અને આચાર સંહિતા લાગુ પડી જાય તેવી શક્યતા હોય પાલિકાએ આવતીકાલ સોમવારે સામાન્ય સભાનું આયોજન કર્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.